શૈક્ષણિક ટેકનોલોજી

Use of ICT in Education



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સંતરામપુર

સંદેશ



શિક્ષક મિત્રો,

નમસ્કાર!

આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI – ARTIFICAL INTELLIGENCE) શિક્ષણની ગુણવત્તા, અસરકારકતા અને નવીનતાને પ્રોત્સાહન આપતું મહત્વપૂર્ણ સાધન બની રહ્યું છે. શિક્ષણના બદલાતા પરિપ્રેક્ષ્યમાં શિક્ષકો માટે Artifical Intelligence આધારિત સાધનોના યોગ્ય અને જવાબદાર ઉપયોગો શીખવા સમયની આવશ્યકતા બની છે.

આ મોડ્યુલનો હેતુ બાલવાટિકાથી ધોરણ – 12 સુધીના શિક્ષકોને અભ્યાસ – અધ્યાપન પ્રક્રિયામાં Artifical Intelligence નો વ્યવહારુ ઉપયોગ સમજાવવાનો છે. Artifical Intelligence ની મદદથી પાઠ આયોજન, શિક્ષણ સામગ્રી, પ્રશ્નપત્ર, વર્કશીટ, મૂલ્યાંકન, વ્યક્તિગત અધ્યયન તથા 21મી સદીના કૌશલ્યોના વિકાસ માટે અસરકારક રીતે કાર્ય કરી શકાય છે. આ મોડ્યુલમાં વિવિધ Artifical Intelligence ટૂલ્સનો પરિચય, તેમના શૈક્ષણિક ઉપયોગો, અસરકારક પ્રોમ્પ્ટ તૈયાર કરવાની પદ્ધતિ તેમજ નૈતિક ઉપયોગ, માહિતીની વિશ્વસનીયતા, ગોપનીયતા અને કૉપીરાઈટ જેવા અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

Artifical Intelligence શિક્ષકનો વિકલ્પ નથી, પરંતુ શિક્ષકની કાર્યક્ષમતા, સર્જનાત્મકતા અને નવીન અભિગમને વધુ સશકત બનાવતું એક અસરકારક સહયોગી છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા તૈયાર કરાયેલું આ મોડ્યુલ શિક્ષક મિત્રોને Artifical Intelligence આધારિત શિક્ષણ તરફ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધવા માટે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ઉપયોગી સાબિત થશે તેવી અપેક્ષા છે.

પ્રાચાર્ય
શ્રી. કે. એસ. પટેલ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સંતરામપુર



શ્રી એસ. પી. પારગી



શ્રી પી. આર. દવે

મોડ્યુલ વિશે :

પ્રસ્તુત મોડ્યુલ પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (Artifical Intelligence) ના અસરકારક ઉપયોગો સમજાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

આ મોડ્યુલમાં ChatGPT, Gemini AI, Notebook LM, Microsoft Copilot અને Google AI Studio જેવા બીજા ઉપયોગી Artifical Intelligence ટૂલ્સનો શિક્ષણમાં વ્યવહારિક ઉપયોગ સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યો છે સાથે જ વિષય સજ્જતા, પાઠ આયોજન, પ્રવૃતિઓ, પ્રશ્નોત્તરી, કસોટી, પ્રયોગો, ભાષા સજ્જતા, કાવ્ય, વાર્તા, ગીત, રમત, નાટક તથા અન્ય સર્જનાત્મક શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવામાં Artifical Intelligence નો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે સમજાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અસરકારક પ્રોમ્પ્ટ લખવાની પદ્ધતિ, Artifical Intelligenceનો જવાબદારીપૂર્વક ઉપયોગ, સમય બચત, વ્યક્તિગત માર્ગદર્શન અને શિક્ષણને વધુ ગુણવત્તાયુકત તથા વિધાર્થી કેન્દ્રી બનાવવાના ઉપાયો પણ સમાવાયા છે. આ મોડ્યુલનો મુખ્ય હેતુ શિક્ષકોને Artifical Intelligence આધારિત Digital સાધનોનો આત્મવિશ્વાસ પૂર્વક ઉપયોગ કરતાં શીખવવાનો અને 21મી સદીના કૌશલ્યો સાથે શિક્ષણને વધુ નવીન, સર્જનાત્મક અને અસરકારક બનાવવાનો છે. આશા છે કે આ મોડ્યુલ શિક્ષકો અને વિધાર્થીઓ બંને માટે માર્ગદર્શિકા ઉપયોગી સાબિત થશે.

લેકચરર

શ્રી એસ. પી. પારગી

શ્રી પી.આર. દવે

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

સંતરામપુર

પ્રસ્તાવના

આજના Digital technologyના યુગમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI – ARTIFICAL INTELLIGENCE) શિક્ષણ ક્ષેત્રમાં એક નવી દિશા પ્રદાન કરતી technology તરીકે વિકસી રહી છે. Artifical Intelligence શિક્ષકોના દૈનિક શિક્ષણ કાર્યને વધુ સરળ, ઝડપી, સર્જનાત્મક અને ગુણવત્તાસભર બનાવવામાં મહત્વપૂર્ણ સહાયક બની રહેશે. Artifical Intelligence નાં યોગ્ય ઉપયોગથી શિક્ષણને વધુ વિધાર્થીકેન્દ્રી, રસપ્રદ અને અસરકારક બનાવી શકાય છે.

શિક્ષણમાં Artifical Intelligence નો ઉપયોગ માત્ર માહિતી મેળવવા પૂરતો મર્યાદિત નથી. તેનો ઉપયોગ વિષયવસ્તુની સજ્જતા, પાઠ આયોજન, વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓ, પ્રશ્નોત્તરી અને કસોટી નિર્માણ, પ્રયોગોની તૈયારી, ગણતરીઓ, ભાષા સજ્જતા, કાવ્ય, ગીત, વાર્તા, નાટક, પ્રેઝન્ટેશન, વર્કશીટ અને અન્ય શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવામાં અસરકારક રીતે થઇ શકે છે. આ ઉપરાંત વિધાર્થીઓની જરૂરિયાત મુજબ શિક્ષણને વધુ સર્જનાત્મક અને ગુણવત્તાસભર બનાવવમાં પણ Artifical Intelligence ઉપયોગી છે.

Artifical Intelligence નો હેતુ શિક્ષકનું સ્થાન લેવાનો નથી, પરંતુ શિક્ષકના કાર્યને વધુ અસરકારક, અને ગુણવત્તાયુકત બનાવવાનો છે. સાથે જ તેનો જવાબદારી અને નીતિમત્તાપૂર્ણ ઉપયોગ કરીને શિક્ષણને વધુ નવીન, સમાવેશી અને ભવિષ્યલક્ષી બનાવી શકાય છે. તેથી દરેક શિક્ષક માટે Artifical Intelligence ની સમજ અને તેનો યોગ્ય ઉપયોગો તથા તેની મર્યાદાઓનું જ્ઞાન આજના સમયની મહત્વપૂર્ણ આવશ્યકતા બની ગયું છે.

લેખન અને સંપાદન

1. ચૌધરી દાઉદકુમાર રાજેન્દ્રભાઈ – આ.શિ.	તળાવમુવાડા પ્રા. શાળા
2. પટેલ કલ્પેશકુમાર વિરાભાઈ – આ.શિ.	નાની વરેઠ પ્રા. શાળા
3. જોષી જતીનકુમાર હરિશચંદ્ર – આ.શિ.	જુના ઉડાવા પ્રા. શાળા
4. કલવાણી જગદીશકુમાર સુભાષચંદ્ર – આ.શિ.	રાઘવના મુવાડા પ્રા. શાળા
5. સેવક તેજસકુમાર ચંદ્રકાન્ત – આ.શિ.	જૂના રાબડીયા પ્રા. શાળા
6. પટેલ વિઠ્ઠલભાઈ પરાગભાઈ – આ.શિ.	પટેલ ફ. વર્ગ બુગઢ પ્રા. શાળા
7. ચૌહાણ રમેશકુમાર બદામીલાલ – આ.શિ.	નરસીંગપુર મુ. પ્રા. શાળા
8. પટેલ સંકેતકુમાર ડાહ્યાભાઈ – આ.શિ.	ચાંદાજી પ્રા. શાળા
9. શેખ સાકીરહુસેન કાસમભાઈ – આ.શિ.	બળિયાદેવ પ્રા. શાળા
10. શેખ મોહસીનભાઈ ગફુરભાઈ – આ.શિ.	ભાદરોડ પ્રા. શાળા
11. ઠાકોર દિલીપસિંહ જશવંતસિંહ – આ.શિ.	શ્રી સોમનાથ અ. નિ. પ્રા. શાળા
12. પારગી બ્રજકિશોર વીરજીભાઈ – આ.શિ.	વાજીયાખુંટ પ્રા. શાળા
13. પટેલ જીગરકુમાર એમ. – આ.શિ.	પહાડીયા પ્રા. શાળા

સંકલન

1. પંચાલ મિહિરકુમાર મનહરલાલ – આ.શિ.	ચારણગામ(નમ) પે. પ્રા. શાળા
2. શેખ સકીલ અહેમદ ઉસ્માનગની – આ.શિ.	મહેમૂદપુરા પ્રા. શાળા
3. પંડ્યા જીગર યતિનભાઈ – આ.શિ.	સોનિયાના મુવાડા પ્રા. શાળા

ભાષાકીય સમીક્ષા

1. શ્રીમતી તેજલબેન કે. પટેલ - લેકચરર	ડાયટ સંતરામપુર
2. શ્રી રીતેશભાઈ પી. કડિયા – લેકચરર	ડાયટ સંતરામપુર
3. શ્રી અજયભાઈ જે મકવાણા – લેકચરર	ડાયટ સંતરામપુર
4. શ્રી જયેશભાઈ પટેલ – આ.શિ.	સાવલીના મુવાડા પ્રા. શાળા

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નંબર
1	ICT નો પરિચય & Panel Boardની સમજ	01
2	Google Toolsની માહિતી અને ઉપયોગીતા	17
3	Artifical Intelligence નો પરિચય	22
4	ChatGPT વિશેની માર્ગદર્શિકા	23
5	Gemini વિશે માર્ગદર્શિકા	31
6	Microsoft Copilot વિશે માર્ગદર્શિકા	36
7	Claude ,Canva, Quizizz, Gamma, EduArtifical Intelligencede, Diffit, Magicschool, Brisk Teaching, Curipod	40-50
8	Artifical Intelligence Prompt Example	51
9	મુખ્ય Digital સાધનોની વિગતવાર માહિતી	52

ICT નો પરિચય & Panel Boardની સમજ

ICT (Information and Communication Technology) એટલે **માહિતી અને સંચાર technology**.

1. પ્રસ્તાવના (Introduction)

આજના યુગમાં વર્ગખંડ શિક્ષણ માત્ર બ્લેકબોર્ડ અને ચોક પૂરતું મર્યાદિત રહ્યું નથી. ICT એટલે 'Information and Communication Technology' (માહિતી અને સંચાર ટેક્નોલોજી) — એટલે કે કોમ્પ્યુટર, લેપટોપ, સ્માર્ટ બોર્ડ, પ્રોજેક્ટર, ઈન્ટરનેટ, મોબાઈલ એપ અને વેબસાઇટ જેવા સાધનોનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ. આ સાધનોનાં યોગ્ય અને નિયમિત ઉપયોગથી શિક્ષક પોતાનું કાર્ય સરળ, ઝડપી અને અસરકારક બનાવી શકે છે, અને વિદ્યાર્થીઓ માટે શીખવાની પ્રક્રિયા જીવંત, અસરકારક અને રસપ્રદ બનાવી શકે છે.

આ પ્રકરણનો હેતુ શિક્ષકોને રોજિંદા વર્ગખંડ કાર્ય માટે સૌથી ઉપયોગી Digital સાધનો — DIKSHA, Read Along, G-Shala, National Digital Library, e-Pathshala તથા અન્ય કેટલાક પસંદગીના સાધનો — વિશે 'મૂળભૂતથી ઉચ્ચ' (basic to advance) સ્તરે, ખૂબ સરળ ભાષામાં, પગલા-દર-પગલા સમજ આપવાનો છે, જેથી કોઈપણ શિક્ષક — ભલે તે ટેક્નોલોજીમાં તદ્દન નવો હોય તો પણ તેનો સહેલાઈથી ઉપયોગ કરી શકે.

2. ICT એટલે શું અને તે વર્ગખંડમાં કેવી રીતે કામ કરે છે?

સાદી ભાષામાં કહીએ તો, ICT એ 'Digital સાધનો દ્વારા માહિતી મેળવવા, બનાવવા અને વહેંચવાની રીત' છે. વર્ગખંડમાં તેનું કાર્ય ત્રણ મુખ્ય તબક્કામાં થાય છે:

1. ઈનપુટ (Input) :- શિક્ષક ઈન્ટરનેટ પરથી અથવા App/પોર્ટલમાંથી માહિતી, વિડિયો, ચિત્ર કે પ્રશ્નો મેળવે છે.
2. પ્રોસેસિંગ (Processing) :- લેપટોપ/કોમ્પ્યુટર પર તે માહિતીને પાઠ પ્રમાણે ગોઠવે છે, પ્રેઝન્ટેશન કે વર્કશીટ તૈયાર કરે છે.
3. આઉટપુટ (Output) :- સ્માર્ટ બોર્ડ કે પ્રોજેક્ટર દ્વારા તે સામગ્રી વિદ્યાર્થીઓ સમક્ષ મોટી સ્ક્રીન પર દ્રશ્ય-શ્રાવ્ય (audio-visual) સ્વરૂપે રજૂ કરવામાં આવે છે.

આ પ્રક્રિયામાં સ્માર્ટ બોર્ડ 'પ્રસ્તુતિ સાધન' (presentation tool) તરીકે અને લેપટોપ 'તૈયારી અને નિયંત્રણ સાધન' (preparation and control tool) તરીકે કામ કરે છે.

3. વર્ગખંડમાં ICT ના મુખ્ય ઘટકો

- સ્માર્ટ બોર્ડ / ઇન્ટરેક્ટિવ પેનલ — સ્પર્શ (touch) દ્વારા લખવા, દોરવા અને વિડિયો/વેબસાઇટ સીધા બતાવવા માટે.
- લેપટોપ/કોમ્પ્યુટર — સામગ્રી તૈયાર કરવા, ડાઉનલોડ કરવા અને સ્માર્ટ બોર્ડ સાથે જોડવા માટે.
- ઇન્ટરનેટ જોડાણ (Wi-Fi/ડેટા) — ઓનલાઈન પોર્ટલ અને એપ વાપરવા માટે (ઘણી સામગ્રી ઓફલાઈન પણ ડાઉનલોડ કરી શકાય છે).
- મોબાઇલ/ટેબ્લેટ — વિદ્યાર્થીઓની વ્યક્તિગત પ્રેક્ટીસ (દા.ત. Read Along, Kahoot!) માટે.

4. શિક્ષક માટે ICT શા માટે ઉપયોગી છે?

આ મોડ્યુલમાં દર્શાવેલ સાધનો શિક્ષકના નીચેના ચાર મુખ્ય કાર્યોમાં સીધી મદદ કરે છે:

1. સોફ્ટ મટીરીયલ જનરેશન (Soft Material Generation) :- PPT, વર્કશીટ, ચાર્ટ, પોસ્ટર જેવી Digital સામગ્રી ઝડપથી તૈયાર કરવી (દા.ત. Canva, DIKSHA, e-Pathshala).

2. પાઠ આયોજન (Lesson Planning) :- તૈયાર પાઠ યોજના, વિડિયો અને સંદર્ભ સામગ્રી શોધીને પોતાના પાઠનું આયોજન મજબૂત બનાવવું (દા.ત. DIKSHA, NDLI, e-Pathshala).

3. મૂલ્યાંકન (Evaluation) :- Digital ક્વિઝ અને ટેસ્ટ દ્વારા ઝડપી અને ચોક્કસ મૂલ્યાંકન કરવું (દા.ત. DIKSHA Quiz, Kahoot !, Google Classroom).

- પ્રેક્ટીસ અને પૂનરાવર્તન (Practice): વિદ્યાર્થીઓને વ્યક્તિગત મહાવરો આપવો (દા.ત. Read Along, G-Shala, PhET).

Panel Boardની સમજ

Interactive Flat Panel (IFP) શું છે?

Interactive Flat Panel (IFP) એ એક આધુનિક Digital સ્માર્ટ બોર્ડ છે.

આ સામાન્ય બ્લેકબોર્ડ અથવા વ્હાઇટબોર્ડ કરતાં વધુ કાર્યક્ષમ છે.

1. IFP દ્વારા શું કરી શકાય?



- લખી શકાય
- ચિત્ર દોરી શકાય
- વિડિયો બતાવી શકાય
- PPT ચલાવી શકાય
- PDF સમજાવી શકાય
- ઇન્ટરનેટ ચલાવી શકાય
- ARTIFICAL INTELLIGENCE Tools નો ઉપયોગ કરી શકાય
- વિધાર્થીઓ સાથે ઇન્ટરેક્ટિવ શિક્ષણ આપી શકાય

2. **ViewSonic IFP6533 નો પરિચય**

આ મોડેલ 65 ઇંચનું Interactive Flat Panel છે.



3. મુખ્ય વિશેષતાઓ

- 4K Ultra HD Display
- 20 Point Touch
- Android Operating System
- Dual Speakers
- USB Ports
- HDMI Ports
- LAN Port
- Wi-Fi
- Bluetooth
- White board Software

4. IFP ના બટનો અને પોર્ટ

Power Button : સ્ક્રીન ચાલુ અને બંધ કરવા.
USB Port : Pen Drive જોડવા.
HDMI Port : Laptop અથવા Desktop જોડવા.
LAN Port : Internet Cable જોડવા.
Audio Port : Speaker અથવા Headphone જોડવા.
Touch Screen : આંગળી અથવા Stylus Pen વડે કામ કરવા.

5. Home Screen બોર્ડ ચાલુ થયા પછી હોમ સ્ક્રીન દેખાય છે.

- **White board**
- **Apps**
- **File Manager**
- **Browser**
- **Screen Share**
- **Settings**

6. Whiteboard વિગતવાર



આ IFP નું સૌથી ઉપયોગી સાધન છે.
Pen Tool : વિવિધ રંગોથી લખી શકાય.
Highlighter : મહત્વના મુદ્દા હાઇલાઇટ કરવા.
Eraser : લખાણ ભૂંસવા.
Shape : વર્તુળ, ચોરસ, ત્રિકોણ વગેરે દોરવા.
Text Tool : ટાઇપ કરીને લખાણ ઉમેરવું.
Undo : છેલ્લું કાર્ય પાછું લેવું.
Redo : ફરીથી લાવવું.
Save : White board ને PDF અથવા Image તરીકે સાચવવું.

7. Annotation

Annotation એટલે પહેલેથી ખુલેલા Document ઉપર લખાણ કરવું.
ઉદાહરણ

- PDF ઉપર સમજાવવું
- PPT ઉપર લખવું
- ફોટા ઉપર નિશાની કરવી
- Diagram સમજાવવું

8. File Manager નો ઉપયોગ

- USB open કરવા
- PDF open કરવા
- Word ફાઈલ જોવા
- Excel ફાઈલ જોવા
- PPT જોવા
- ફોટા જોવા
- વિડિયો જોવા

9. Internet નો ઉપયોગ

Browser દ્વારા Google, YouTube, DIKSHA, e-Content, Google Drive, Gmail નો ઉપયોગ કરી શકાય.

10. શિક્ષણમાં ઉપયોગ

ગુજરાતી

- કવિતા સમજાવવી, વાર્તા, વ્યાકરણની સમજ આપી શકાય.

ગણિત

- આકારો, ગ્રાફ, એનિમેશન સમજાવી શકાય.

વિજ્ઞાન

- પ્રયોગ, વિડિયો, 3D મોડેલ સરળતાથી બતાવીને સમજાવી શકાય.

સામાજિક વિજ્ઞાન

- નકશા, સમયરેખા, વિડિયો બતાવી શકાય

અંગ્રેજી

- ઉચ્ચારણ, શબ્દભંડોળ, Intrective પ્રવૃત્તિ દ્વારા રસપ્રદ બનાવી શકાય.

11. Hands-on Activity

દરેક તાલીમાર્થી કરશે

1. White board on કરવું.
2. ત્રણ રંગથી લખવું.
3. Shape દોરવા.
4. Screenshot લેવો.
5. PDF ઉપર Annotation કરવું.
6. Mobile Screen Share કરવી.
7. Laptop કનેકટ કરવું.
8. YouTubeથી Video ચલાવવો.
9. Lesson Presentation કરવું.
10. File Save કરીને USB માં સાચવવી.

આધુનિક શિક્ષણમાં ICT અને Interactive Flat Panel માત્ર technology નથી, પરંતુ શિક્ષણને જીવંત, રસપ્રદ અને વિદ્યાર્થીકેન્દ્રી બનાવવાનું શક્તિશાળી સાધન છે. જો શિક્ષક IFP, Digital કન્ટેન્ટ અને ARTIFICAL INTELLIGENCE ટૂલ્સનો યોગ્ય ઉપયોગ કરે તો પાઠ વધુ સ્પષ્ટ, દૃશ્યાત્મક, અસરકારક અને રસપ્રદ બને છે. તેથી દરેક શિક્ષકે નિયમિત અભ્યાસ, પ્રયોગ અને નવી technology સ્વીકારીને પોતાના વર્ગખંડને સ્માર્ટ લર્નિંગ પ્રોસેસમાં પરિવર્તિત કરવો જોઈએ.

સ્માર્ટ ક્લાસ

ViewSonic ViewBoard IFP50 • Acer Altos IZ65A

1. મોડ્યુલનો પરિચય અને હેતુ

આ તાલીમ મોડ્યુલ ઉચ્ચતર પ્રાથમિક શાળાના શિક્ષકોને સ્માર્ટ ક્લાસમાં વપરાતા બે મુખ્ય ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (સ્માર્ટબોર્ડ) — ViewSonic ViewBoard IFP50 અને Acer Altos IZ65A — નો અસરકારક અને આત્મવિશ્વાસપૂર્વક ઉપયોગ કરવા સક્ષમ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

આ મોડ્યુલના અંતે તાલીમાર્થી શિક્ષકો નીચેની બાબતો કરવા સક્ષમ બનશે:

- બંને સ્માર્ટબોર્ડના હાર્ડવેર ભાગો, પોર્ટ્સ અને નિયંત્રણો ઓળખી શકશે.
- ડિવાઇસ ચાલુ/બંધ કરવું, ટચ વડે લખવું, ડ્રો કરવું અને ભૂંસવું જેવી પાયાની ક્રિયાઓ કરી શકશે.
- બિલ્ટ-ઇન વ્હાઇટબોર્ડિંગ સોફ્ટવેર (myViewBoard / IWB એપ) નો ઉપયોગ કરી પાઠ તૈયાર કરી શકશે.
- મોબાઇલ/લેપટોપ પરથી સ્ક્રીન વાયરલેસ રીતે શેર કરી શકશે (vCast/સ્ક્રીન કાસ્ટિંગ).
- ઇન્ટરનેટ, USB ડિવાઇસ અને બાહ્ય કમ્પ્યુટર (OPS PC) ને યોગ્ય રીતે જોડી શકશે.
- સ્માર્ટબોર્ડની યોગ્ય જાળવણી અને સલામતી અંગેની કાળજી લઈ શકશે.

તાલીમ પદ્ધતિ

આ મોડ્યુલમાં દરેક વિભાગ પછી નિદર્શન (demonstration), હાથ-કલમ (hands-on) પ્રેક્ટિસ અને ચર્ચા માટે સમય રાખવામાં આવે. તાલીમ આપનારે શક્ય હોય ત્યાં સુધી વાસ્તવિક ઉપકરણ પર જ સમજૂતી આપવી, જેથી શિક્ષકો સીધો અનુભવ મેળવી શકે.

2. સ્માર્ટ ક્લાસ એટલે શું?

સ્માર્ટ ક્લાસ એટલે એવો વર્ગખંડ જેમાં પરંપરાગત બ્લેકબોર્ડની જગ્યાએ અથવા સાથે ડિજિટલ ટચસ્ક્રીન ડિસ્પ્લે (ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ – IFP), કમ્પ્યુટર, ઇન્ટરનેટ અને શૈક્ષણિક સોફ્ટવેરનો ઉપયોગ કરીને શિક્ષણ વધુ રસપ્રદ, દ્રશ્ય-શ્રાવ્ય (audio-visual) અને સહભાગી (interactive) બનાવવામાં આવે છે.

ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (IFP) એ સ્માર્ટ ક્લાસનું કેન્દ્રબિંદુ છે — તે એક મોટી ટચસ્ક્રીન ડિસ્પ્લે છે જેમાં કમ્પ્યુટર, ટીવી અને વ્હાઇટબોર્ડનાં કાર્યો એકસાથે સમાયેલા હોય છે. આ મોડ્યુલમાં આપણે બે લોકપ્રિય IFP મોડેલ વિશે વિગતવાર શીખીશું.

વિભાગ A: ViewSonic ViewBoard IFP50 શ્રેણી

A.1 પરિચય

ViewSonic ViewBoard IFP50 શ્રેણી એ 4K અલ્ટ્રા HD રિઝોલ્યુશન ધરાવતું ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ છે, જે 55″ થી 98″ સુધીના વિવિધ સ્ક્રીન સાઇઝમાં ઉપલબ્ધ છે. તેમાં હાઇ-એક્યુરસી ટચસ્ક્રીન અને ઇન્ટેલિજન્ટ પામ રિકગ્નિશન (palm rejection) ટેક્નોલોજી છે, જેથી નાના વિધાર્થીથી લઈને અનુભવી શિક્ષક સુધી દરેક માટે કુદરતી લેખન-અનુભવ મળે છે.

A.2 મુખ્ય હાર્ડવેર ફીચર્સ

(1) ડિસ્પ્લે અને રિઝોલ્યુશન
4K અલ્ટ્રા HD (3840 × 2160 પિક્સેલ) રિઝોલ્યુશન સાથે તીક્ષ્ણ અને સ્પષ્ટ ચિત્ર મળે છે — પાઠ્યપુસ્તકના ટેક્સ્ટ, ચિત્રો, વિડિયો કે ડાયાગ્રામ સ્પષ્ટ દેખાય છે, જે વર્ગના પાછળના વિધાર્થીઓને પણ સરળતાથી વાંચી શકાય.

(2) ટચ ટેક્નોલોજી
40-પોઇન્ટ મલ્ટિ-ટચ ટેક્નોલોજી ધરાવે છે — એટલે કે એકસાથે અનેક વિધાર્થીઓ/શિક્ષકો સ્ક્રીન પર આંગળી અથવા સ્ટાઇલસ વડે લખી કે દોરી શકે છે. પામ રિકગ્નિશન ટેક્નોલોજી હાથની હથેળી કે બાંય અડવાથી થતા અયોગ્ય ટચને અવગણે છે, જેથી લખતી વખતે ભૂલો ન થાય.

- ઉદાહરણ: ગણિતના વર્ગમાં 3-4 વિધાર્થીઓ એકસાથે અલગ-અલગ ખૂણેથી ભૂમિતિની આકૃતિ દોરી શકે.

(3) vLauncher હોમ સ્ક્રીન

vLauncher એ ડિવાઇસ ચાલુ કરતાં જ દેખાતું કસ્ટમાઇઝ કરી શકાય તેવું હોમ સ્ક્રીન ઇન્ટરફેસ છે. તેમાંથી myViewBoard, ક્લાઉડ સ્ટોરેજ (Google Drive, OneDrive) અને વેબ બ્રાઉઝિંગ જેવા સાધનો એક જ સિંગલ સાઇન-ઓનથી સીધા ખોલી શકાય છે.

(4) USB-C કનેક્ટિવિટી

USB-C પોર્ટ વડે લેપટોપ, ક્રોમબુક કે મોબાઈલ ફોનને એક જ કેબલથી જોડી શકાય છે — સ્ક્રીન, ઓડિયો અને ડેટા બધું જ ટ્રાન્સફર થાય છે. સાથે 65W સુધીની પાવર ડિલિવરી પણ મળે છે, જેથી જોડાયેલ લેપટોપ ચાર્જ પણ થતું રહે.

A.3 કંટ્રોલ પેનલ, પોર્ટ્સ અને રિમોટ

પેનલની બાજુ કે નીચે આવેલ કંટ્રોલ પેનલમાં પાવર બટન, વોલ્યુમ નિયંત્રણ અને ઇનપુટ-સોર્સ બટન હોય છે. I/O પેનલમાં નીચેના મુખ્ય પોર્ટ્સ સમાવેશ થાય છે:

- HDMI ઇનપુટ/આઉટપુટ — બાહ્ય લેપટોપ, પ્રોજેક્ટર કે DVD પ્લેયર જોડવા.
- USB પોર્ટ્સ — પેન-ડ્રાઇવ, કીબોર્ડ, માઉસ કે અન્ય પેરિફેરલ જોડવા.
- LAN (નેટવર્ક) પોર્ટ — વાયર્ડ ઈન્ટરનેટ કનેક્શન માટે.
- VGA પોર્ટ — જૂના કમ્પ્યુટર/પ્રોજેક્ટર જોડવા.
- RS-232 પોર્ટ — કેન્દ્રિય નિયંત્રણ સિસ્ટમ સાથે જોડાણ માટે (સંસ્થાકીય ઉપયોગ).

રિમોટ કંટ્રોલ વડે પાવર ઓન/ઓફ, ઇનપુટ સોર્સ બદલવું, વોલ્યુમ અને સ્ક્રીન સેટિંગ્સ સરળતાથી નિયંત્રિત કરી શકાય છે. બેટરી ઓછી થાય ત્યારે તેને બદલવાની રીત પણ તાલીમમાં દર્શાવવી.

A.4 સોફ્ટવેર ફીચર્સ

(1) myViewBoard ડિજિટલ વ્હાઇટબોર્ડિંગ સોફ્ટવેર

myViewBoard એ મફતમાં ઉપલબ્ધ, ક્લાઉડ-આધારિત વ્હાઇટબોર્ડિંગ સોફ્ટવેર છે, જેમાં નીચેની સુવિધાઓ છે:

- વિવિધ પેન, હાઇલાઇટર, આકારો (shapes) અને રંગો વડે લખવું/દોરવું.
- Google Drive કે OneDrive જેવા ક્લાઉડ એકાઉન્ટ સાથે સિંગલ સાઇન-ઓન.
- PDF, PPT, Word જેવી ફાઇલોને સીધી વ્હાઇટબોર્ડ પર ખોલી, તેના પર નોંધ કરવી.
- QR કોડ દ્વારા વિદ્યાર્થીઓના મોબાઈલમાં પાઠની નોંધ તરત મોકલવી.
- બનાવેલ પાઠ (lesson) સાચવીને ફરીથી વાપરી શકાય તેવો બનાવવો.

- ઉદાહરણ: વિજ્ઞાનના પાઠમાં પાચનતંત્રનું ચિત્ર ખોલી, શિક્ષક તેના પર તીર દોરી અંગોના નામ લખી શકે અને પછી તે નોંધ QR કોડ દ્વારા વિદ્યાર્થીઓને મોકલી શકે.

(2) ViewBoard Cast (vCast) — વાયરલેસ સ્ક્રીન શેરિંગ

vCast સોફ્ટવેર વડે Windows, Mac, Android, iOS કે Chromebook ધરાવતું કોઈપણ ડિવાઈસ Wi-Fi મારફતે એક ક્લિકમાં સ્માર્ટબોર્ડ સાથે જોડાઈ પોતાની સ્ક્રીન બતાવી શકે છે — કોઈ કેબલની જરૂર નથી.

- ઉદાહરણ: શિક્ષક પોતાના મોબાઈલમાં તૈયાર કરેલ પ્રેઝન્ટેશન વર્ગમાં ફર્યા વગર, ગમે ત્યાંથી સ્ક્રીન પર બતાવી શકે.

(3) OPS સ્લોટ-ઈન PC (વૈકલ્પિક)

જરૂર પડ્યે, પેનલની પાછળ આપેલા OPS (Open Pluggable Specification) સ્લોટમાં એક નાનું Windows કમ્પ્યુટર મોડ્યુલ લગાવી શકાય છે, જેનાથી પેનલ સંપૂર્ણ કમ્પ્યુટર તરીકે કામ કરે છે — અલગ CPU, વાયરિંગ કે ડેસ્કની જરૂર રહેતી નથી.

A.5 વર્ગખંડમાં ઉપયોગના વ્યવહારુ ઉદાહરણો

1. ભાષાના પાઠમાં: વાર્તાનું ચિત્ર બતાવી, વિદ્યાર્થીઓને સ્ક્રીન પર આવી પાત્રોના નામ લખાવવા.
2. ગણિતમાં: ભૂમિતિની આકૃતિઓ 40-પોઈન્ટ ટચથી જૂથમાં દોરાવવી.
3. વિજ્ઞાનમાં: YouTube પરથી પ્રયોગનો વિડિયો vCast વડે મોબાઈલમાંથી સીધો બતાવવો.
4. સામાજિક વિજ્ઞાનમાં: myViewBoard પર નકશા ખોલી, વિદ્યાર્થીઓને રાજ્યો/નદીઓ ટચ કરી ઓળખાવવા.
5. મૂલ્યાંકનમાં: ડિજિટલ ક્વિઝ સ્ક્રીન પર બતાવી, વિદ્યાર્થીઓને વારાફરતી જવાબ ટચ કરવા બોલાવવા.

વિભાગ B: Acer Altos IZ65A

B.1 પરિચય

Acer Altos IZ65A એ 65 ઇંચની 4K અલ્ટ્રા HD ઇન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (સ્માર્ટબોર્ડ) છે, જે ખાસ કરીને શાળાઓ અને સંસ્થાઓ માટે બનાવવામાં આવેલ છે. તેમાં બિલ્ટ-ઈન કમ્પ્યુટર (Android આધારિત), ટચસ્ક્રીન અને ઇન્ટરેક્ટિવ વ્હાઇટબોર્ડ સોફ્ટવેર પહેલેથી જ સામેલ છે, જેથી અલગ કમ્પ્યુટર વગર પણ પાઠ ભણાવી શકાય.

B.2 મુખ્ય હાર્ડવેર ફીચર્સ

(1) ડિસ્પ્લે

65″ એન્ટી-ગ્લેર LCD ડિસ્પ્લે, ડાયરેક્ટ-લિટ LED બેકલાઈટ સાથે, 4K UHD રિઝોલ્યુશન (3840×2160), 400 નિટ્સ બ્રાઈટનેસ અને 1200:1 કોન્ટ્રાસ્ટ રેશિયો ધરાવે છે. પેનલનું આયુષ્ય (પેનલ લાઈફ) લગભગ 50,000 કલાક જેટલું છે.

(2) ટચ ટેક્નોલોજી

ઇન્ફ્રારેડ (IR) ટચ ટેક્નોલોજી પર આધારિત 20-પોઈન્ટ ટચ સપોર્ટ કરે છે — આંગળી અથવા પેન બંનેથી લખી શકાય છે (Touch Sensitive as well as Pen Driven).

(3) બિલ્ટ-ઈન કમ્પ્યુટર (Android સિસ્ટમ)

પેનલમાં ક્વોડ-કોર પ્રોસેસર, 4 GB RAM અને 32 GB ઇન્ટરનલ સ્ટોરેજ સાથેનું બિલ્ટ-ઈન Android ઓપરેટિંગ સિસ્ટમ હોય છે (મોડેલ પ્રમાણે Android 11 અથવા 13). આનાથી અલગ CPU વગર જ પેનલ સીધું ચાલુ કરીને વાપરી શકાય છે.

(4) OPS સ્લોટ (વૈકલ્પિક Windows PC)

વધુ કમ્પ્યુટિંગ પાવર જોઈએ તો (દા.ત. ભારે સોફ્ટવેર, ઇન્ટરનેટ આધારિત એપ્લિકેશન ચલાવવા), પેનલની પાછળના OPS સ્લોટમાં અલગથી Windows-આધારિત PC મોડ્યુલ (દા.ત. Intel Core i5 પ્રોસેસર સાથેનું) લગાવી શકાય છે. આ મોડ્યુલ સ્ટાન્ડર્ડ સપ્લાયમાં સામેલ નથી હોતું — શાળાએ જરૂર પ્રમાણે અલગથી ખરીદવું પડે.

(5) સ્પીકર અને ઓડિયો

2 × 20W ના બિલ્ટ-ઈન સ્પીકર આપવામાં આવે છે, જેનાથી મધ્યમ કદના વર્ગખંડમાં પણ સ્પષ્ટ અવાજ સંભળાય છે — અલગ સ્પીકર જોડવાની જરૂર રહેતી નથી.

(6) નેટવર્ક અને વાયરલેસ

Wi-Fi (નવા મોડેલમાં Wi-Fi 6E) અને Bluetooth કનેક્ટિવિટી બિલ્ટ-ઈન છે, જેનાથી ઈન્ટરનેટ સાથે જોડાણ અને વાયરલેસ સ્પીકર/કીબોર્ડ જોડવાનું સરળ બને છે.

B.3 કનેક્ટિવિટી અને પોર્ટ્સ

- HDMI પોર્ટ — બાહ્ય લેપટોપ કે DVD પ્લેયર જોડવા.

- USB પોર્ટ્સ — પેન-ડ્રાઇવ, કીબોર્ડ-માઉસ (સપ્લાયમાં સામેલ) જોડવા.
- LAN પોર્ટ — વાયર્ડ ઇન્ટરનેટ માટે.
- વોલ-માઉન્ટ સપોર્ટ — પેનલ દીવાલ પર કાયમી ધોરણે લગાવી શકાય, 16×7 સતત ઉપયોગ માટે યોગ્ય.

B.4 ઇન્ટરેક્ટિવ વ્હાઇટબોર્ડ (IWB) સોફ્ટવેર

પેનલમાં પહેલેથી બિલ્ટ-ઇન ઇન્ટરેક્ટિવ વ્હાઇટબોર્ડ (IWB) એપ્લિકેશન આપવામાં આવે છે, જેમાં નીચેની સુવિધાઓ સામાન્ય રીતે મળે છે:

- પેન, હાઇલાઇટર અને ભૂંસવાના સાધનો વડે સીધું લખાણ/ચિત્રકામ.
- આકારો, રંગો અને પાનાં (multiple pages) ઉમેરવાની સુવિધા.
- સ્ક્રીનશોટ લેવો અને પાઠ સાચવવો, જેથી પછીના વર્ગમાં ફરી વાપરી શકાય.
- USB પેન-ડ્રાઇવ પરથી ફોટો, વિડિયો કે PDF સીધા ખોલી ભણાવવા.

B.5 વર્ગખંડમાં ઉપયોગના વ્યવહારુ ઉદાહરણો

1. પેનલ ચાલુ કરી, બિલ્ટ-ઇન IWB એપ ખોલી ગણિતના દાખલા સીધા સ્ક્રીન પર ઉકેલવા.
2. પેન-ડ્રાઇવમાં રાખેલ વિજ્ઞાનના પ્રયોગનો વિડિયો USB પોર્ટમાં જોડી સીધો ચલાવવો.
3. વધુ ભારે સોફ્ટવેર (દા.ત. ડિજિટલ પાઠ્યપુસ્તક એપ) જરૂરી હોય તો OPS Windows મોડ્યુલ પર સ્વિચ કરી ઉપયોગ કરવો.
4. Wi-Fi મારફતે ઓનલાઇન શૈક્ષણિક વિડિયો સીધા પેનલ પર ચલાવવા, અલગ કમ્પ્યુટર વગર.

3. બંને ડિવાઇસની સરખામણી

નીચે આપેલ કોષ્ટક તાલીમાર્થીઓને બંને સ્માર્ટબોર્ડ વચ્ચેનો પાયાનો તફાવત ઝડપથી સમજવામાં મદદરૂપ થશે. તાલીમ આપતી વખતે શાળામાં કયું મોડેલ છે તે ઓળખાવી, તે પ્રમાણે વ્યવહારુ પ્રેક્ટિસ કરાવવી.

લક્ષણ	ViewSonic ViewBoard IFP50	Acer Altos IZ65A
સ્ક્રીન સાઇઝ	55″ થી 98″ સુધીના મોડેલ ઉપલબ્ધ	65″ (પ્રમાણભૂત મોડેલ)
રિઝોલ્યુશન	4K અલ્ટ્રા HD (3840×2160)	4K અલ્ટ્રા HD (3840×2160)
ટચ ટેક્નોલોજી	ઇન્ફ્રારેડ (IR) – 40 પોઇન્ટ ટચ, પામ રિજેક્શન સાથે	ઇન્ફ્રારેડ (IR) – 20 પોઇન્ટ ટચ
ઓપરેટિંગ સિસ્ટમ	બિલ્ટ-ઇન Android (vLauncher ઇન્ટરફેસ સાથે)	બિલ્ટ-ઇન Android (11/13, મોડેલ પ્રમાણે)
વૈકલ્પિક Windows PC	OPS સ્લોટ-ઇન PC મોડ્યુલ ઉમેરી શકાય	OPS સ્લોટ ઉપલબ્ધ (PC મોડ્યુલ અલગથી)
મુખ્ય સોફ્ટવેર	myViewBoard (વ્હાઇટબોર્ડિંગ), ViewBoard Cast (vCast)	બિલ્ટ-ઇન ઇન્ટરેક્ટિવ વ્હાઇટબોર્ડ (IWB) એપ
કનેક્ટિવિટી	USB-C (65W પાવર ડિલિવરી સાથે), HDMI, LAN, Wi-Fi, USB	HDMI, LAN, USB, Wi-Fi 6E, Bluetooth
સ્પીકર	બિલ્ટ-ઇન સ્ટીરિયો સ્પીકર	2 × 20W બિલ્ટ-ઇન સ્પીકર

વોરંટી (સામાન્ય)	ઉત્પાદક પ્રમાણે (સામાન્ય રીતે 3 વર્ષ)	3 વર્ષ ઓનસાઈટ વોરંટી

4. સામાન્ય કાળજી, જાળવણી અને સલામતી સૂચનો

4.1 રોજિંદી કાળજી

- સ્ક્રીનને હંમેશા સૂકા અને નરમ માઇક્રોફાઇબર કપડાથી જ સાફ કરવી; પાણી કે કેમિકલ સ્પ્રે સીધા સ્ક્રીન પર ન છાંટવા.
- તીક્ષ્ણ વસ્તુ (પેન્સિલ, ચાવી, નખ) વડે સ્ક્રીનને ટચ ન કરવી — ફક્ત આંગળી અથવા આપેલ સ્ટાઈલસનો જ ઉપયોગ કરવો.
- વર્ગ પૂરો થયા બાદ પેનલને યોગ્ય રીતે 'સ્ટેન્ડ-બાય'/બંધ કરવી, જેથી વીજળીનો બચાવ થાય અને પેનલનું આયુષ્ય વધે.

4.2 વિદ્યુત અને જોડાણ સંબંધિત સાવચેતી

- પેનલને હંમેશા યોગ્ય અર્થિંગ સાથેના પ્લગ/સોકેટમાં જ જોડવી.
- USB કે HDMI કેબલ જોડતાં પહેલાં ખાતરી કરવી કે કનેક્ટર યોગ્ય દિશામાં જ દાખલ થાય — બળજબરી ન કરવી.
- વીજ પુરવઠો અનિયમિત હોય તેવી શાળાઓમાં સ્ટેબિલાઇઝર/UPS નો ઉપયોગ કરવો ભલામણપાત્ર છે.

4.3 સોફ્ટવેર જાળવણી

- સમયાંતરે સિસ્ટમ અપડેટ (myViewBoard / Android સિસ્ટમ અપડેટ) ચેક કરવા.
- બિનજરૂરી ફાઇલો કે એપ ડિલીટ કરી સ્ટોરેજ ખાલી રાખવું, જેથી પેનલ ધીમું ન પડે.
- મહત્વના પાઠ ક્લાઉડ (Google Drive/OneDrive) અથવા પેન-ડ્રાઇવમાં નિયમિત બેકઅપ લેવા.

4.4 સલામતી

- પેનલને દીવાલ પર VESA માઉન્ટ પ્રમાણે યોગ્ય રીતે જ ફિટ કરાવવી, જેથી પડી જવાનું જોખમ ન રહે.

- વિદ્યુત લિકેજ, અસામાન્ય અવાજ કે વધુ પડતી ગરમીની સ્થિતિમાં તરત જ પેનલ બંધ કરી, ટેકનિકલ સહાય માટે સંપર્ક કરવો.

5. શિક્ષકો માટે તાલીમ પ્રવૃત્તિઓ (Hands-on Practice)

દરેક પ્રવૃત્તિ જોડીમાં અથવા નાના જૂથમાં કરાવવી, જેથી દરેક શિક્ષકને સ્ક્રીન પર જાતે કામ કરવાની તક મળે.

પ્રવૃત્તિ 1: પાયાનું સંચાલન

- પેનલ ચાલુ/બંધ કરવી અને ઇનપુટ સોર્સ બદલવો.
- આંગળી અને સ્ટાઇલસ બંનેથી લખીને 'ટચ' અને 'પામ રિજેક્શન' અનુભવવું.

પ્રવૃત્તિ 2: પાઠ તૈયાર કરવો

- myViewBoard / IWB સોફ્ટવેરમાં નવું પાનું ખોલી, પોતાના વિષયનો એક ટૂંકો પાઠ (દા.ત. એક ડાયાગ્રામ) તૈયાર કરવો.
- પાઠ સાચવીને, ફરીથી ખોલી બતાવવો.

પ્રવૃત્તિ 3: વાયરલેસ સ્ક્રીન શેરિંગ

- પોતાના મોબાઇલ ફોનને vCast / સ્ક્રીન કાસ્ટિંગ વડે પેનલ સાથે જોડી, એક ફોટો કે પ્રેઝન્ટેશન સ્ક્રીન પર બતાવવું.

પ્રવૃત્તિ 4: બાહ્ય ડિવાઇસ જોડાણ

- USB પેન-ડ્રાઇવ જોડી તેમાંથી એક ફાઇલ (ફોટો/વિડિયો) ખોલી બતાવવી.
- HDMI વડે લેપટોપ જોડી સ્ક્રીન પર પ્રોજેક્ટ કરવું.

6. સ્વ-આકારણી પ્રશ્નો

તાલીમના અંતે નીચેના પ્રશ્નો દ્વારા શિક્ષકોની સમજ ચકાસી શકાય:

1. ViewSonic IFP50 અને Acer Altos IZ65A બંનેમાં કેટલા-કેટલા ટચ પોઇન્ટ સપોર્ટ થાય છે?
2. myViewBoard સોફ્ટવેરની કોઈપણ ત્રણ મુખ્ય સુવિધાઓ જણાવો.

3. OPS સ્લોટનો ઉપયોગ શા માટે અને ક્યારે કરવામાં આવે છે?

4. vCast સોફ્ટવેર દ્વારા મોબાઈલ સ્ક્રીન સ્માર્ટબોર્ડ પર કેવી રીતે શેર કરી શકાય?

5. સ્માર્ટબોર્ડની સ્ક્રીન સાફ કરતી વખતે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?

7. સંદર્ભો

આ મોડ્યુલમાં આપેલ તકનીકી માહિતી નીચેના સત્તાવાર સ્રોતો પરથી લેવામાં આવેલ છે. તાલીમ આપનારે નવીનતમ સ્પષ્ટીકરણો માટે ઉત્પાદકની સત્તાવાર વેબસાઈટ ચકાસવી ભલામણપાત્ર છે:

- ViewSonic ViewBoard IFP50 Series — www.viewsonic.com/edu/ifp50-series
- ViewSonic Manuals — manuals.viewsonic.com/IFP50-3_Full_Guide
- Acer / Altos Computing — www.altoscomputing.com/en-IN/products/IZ65A-IZ75A
- Acer India Interactive Touch Series — www.acer.com/in-en

Google tools ની પ્રસ્તાવના

ગુગલ ટૂલ્સ (Google Tools) એ ઓનલાઇન ઉપલબ્ધ વિવિધ Digital વેબ બેઇઝ વર્ઝન અને સેવાઓનો એક સેટ છે, જે રોજિંદા કામકાજ, સંપર્ક, શિક્ષણ અને વ્યવસાયિક આયોજનને વધુ ઝડપી, સુરક્ષિત અને સરળ બનાવે છે. એક જ ગુગલ એકાઉન્ટ વડે આ તમામ ટૂલ્સને કમ્પ્યુટર કે મોબાઈલ પરથી વિનામૂલ્યે વાપરી શકાય છે.

ગુગલ વિવિધ કાર્યો માટે અનેક ઉપયોગી ટૂલ્સ પ્રદાન કરે છે. મુખ્ય ગુગલ ટૂલ્સની કેટેગરી મુજબ યાદી નીચે મુજબ છે:

- **ઉત્પાદકતા અને ઓફિસ ટૂલ્સ (Productivity Tools)**
  - **Google Docs**: ઓનલાઇન ડોક્યુમેન્ટ અને લખાણ તૈયાર કરવા માટે.
  - **Google Sheets**: ડેટા એન્ટ્રી, ગણતરીઓ અને સ્પ્રેડશીટ માટે.
  - **Google Slides**: પ્રોફેશનલ પ્રેઝન્ટેશન બનાવવા માટે.
  - **Google Forms**: ઓનલાઇન સર્વે, ક્વિઝ, માહિતીનું એકત્રીકરણ અને ફોર્મ બનાવવા માટે.
  - **Google Keep**: ઝડપી નોંધ (Notes) અને યાદી બનાવવાની Digital ડાયરી.
- **સંચાર અને આયોજન (Communication & Planning)**
  - **Gmail** : E-mail લેવડ-દેવડ માટે.
  - **Google Meet**: ઓનલાઇન વિડિયો કોલિંગ અને મિટિંગ માટે.
  - **Google Chat**: મેસેજિંગ અને ટીમ સાથે વાતચીત માટે.
  - **Google Calendar**: રિમાઇન્ડર સેટ કરવા અને શેડ્યૂલ પ્લાન કરવા માટે.
  - **Google Contacts**: તમામ ફોન નંબર અને કોન્ટેક્ટ્સ સેવ કરવા માટે.
- **ક્લાઉડ સ્ટોરેજ (Cloud Storage)**
  - **Google Drive**: ફાઇલો અને દસ્તાવેજો ઓનલાઇન સંગ્રહિત કરવા.
  - **Google Photos**: ફોટો અને વિડિયોનું ઓટોમેટિક ક્લાઉડ બેકઅપ.
- **નેવિગેશન અને મનોરંજન (Navigation & Media)**
  - **Google Search**: વિશ્વનું સૌથી મોટું ઓનલાઇન સર્ચ એન્જિન.
  - **Google Maps**: રસ્તાના નેવિગેશન, લોકેશન અને ટ્રાફિક ગાઇડ માટે.
  - **Google Earth**: વિશ્વનો 3D મેપ અને સેટેલાઇટ વ્યૂ જોવા માટે.
  - **YouTube**: વિડિયો સ્ટ્રીમિંગ, લર્નિંગ અને મનોરંજન માટે.
- **વ્યવસાય અને ડેવલપર ટૂલ્સ (Business Tools)**
  - **Google Business Profile**: વ્યવસાયને ગુગલ મેપ પર લીસ્ટ કરવા.
  - **Google Analytics**: વેબસાઇટના ટ્રાફિકનું વિશ્લેષણ કરવા.

- **Google Ads**: ઓનલાઇન જાહેરાતો આપવા માટે.
- **Google Play Store**: એન્ડ્રોઇડ એપ્સ ડાઉનલોડ કરવા માટે.

❖ **Google Tools ને Access કેવી રીતે કરવું.**

સ્ટેપ ૧: ગૂગલ પર સાઇન-ઇન કરો

બ્રાઉઝરમાં **google.com** ખોલો.

જમણી તરફ ઉપર **Sign in** બટન પર ક્લીક કરી તમારું Gmail એકાઉન્ટ લોગીન કરો.

સ્ટેપ ૨: Google Apps આઇકન ખોલો

લોગીન થયા પછી જમણી તરફ ઉપર તમારા પ્રોફાઇલ ફોટાની બાજુમાં ૯ ટપકાંવાળું આઇકન (Google Apps) દેખાશે.

તે આઇકન કેવું દેખાય છે તે જોવા માટે અહીં ક્લીક કરો.

સ્ટેપ ૩: તમારું ટૂલ પસંદ કરો

૯ ટપકાં પર ક્લીક કરવાથી ગૂગલના તમામ ટૂલ્સનું લીસ્ટ (જેમ કે Drive, Photos, Docs, Maps) ખુલશે.

તે લીસ્ટ કેવું દેખાય છે તેની ઈમેજ જોવા માટે અહીં ક્લીક કરો.

તમારે જે ટૂલ વાપરવું હોય તેના આઇકન પર ક્લીક કરો.

ગૂગલમાં Sign in અને Log in એ બંને એક જ પ્રક્રિયા છે, જેનાથી તમે તમારા એકાઉન્ટમાં પ્રવેશ કરો છો. ગૂગલ ટૂલ્સ વાપરવા માટે લોગીન કરવાના સ્ટેપ્સ નીચે મુજબ છે:

1. ગૂગલ પેજ ખોલો

* તમારા બ્રાઉઝરમાં google.com ટાઇપ કરો.

* સ્ક્રીનની જમણી તરફ ઉપર ખૂણામાં આપેલા બ્લુ કલરના Sign in બટન પર ક્લીક કરો.

2. તમારું Email – ID લખો

* Email or phone વાળા બોક્સમાં તમારું Gmail ID અથવા રજિસ્ટર્ડ મોબાઇલ નંબર ઉમેરો.

* નીચે આપેલા Next બટન પર ક્લીક કરો.

3. પાસવર્ડ દાખલ કરો

* Enter your password બોક્સમાં તમારો સાચો પાસવર્ડ લખો.

* Next પર ક્લીક કરો. (જો તમે 2-Step Verification ચાલુ રાખ્યું હશે, તો તમારા ફોન પર આવેલો OTP કે નોટિફિકેશન મંજૂર કરવું પડશે).

4. ગૂગલ ટૂલ્સ એક્સેસ કરો

* લોગીન થયા પછી જમણી તરફ ઉપર તમારો પ્રોફાઇલ ફોટો અથવા નામનો પ્રથમ અક્ષર દેખાશે.

* તેની બાજુમાં આપેલા 9 ટપકાંવાળા આઇકન (Google Apps) પર ક્લીક કરો.

* ત્યાંથી Drive, Gmail, Photos, Docs કે Maps જેવા કોઈપણ ટૂલ પર ક્લીક કરીને તેનો ઉપયોગ શરૂ કરો.

(જો તમારી પાસે ગૂગલ એકાઉન્ટ ન હોય, તો સ્ટેપ ૨ માં જ નીચે આપેલા Create account વિકલ્પ પર ક્લીક કરીને નવું એકાઉન્ટ બનાવી શકો છો).

Google Tools ના દરેક tool નો ઉપયોગ કેવી રીતે કરવો ?

ગૂગલના તમામ મુખ્ય ટૂલ્સ વાપરવાની સરળ રીત અને તેના પ્રાથમિક સ્ટેપ્સ નીચે મુજબ છે.

1. Google Search (માહિતી શોધવા)

કેવી રીતે વાપરવું: google.com ખોલો.

ઉપયોગ :- સર્ચ બોક્સમાં તમારો પ્રશ્ન કે કીવર્ડ (જેમ કે "Weather in Ahmedabad") લખીને Enter આપો. માઇક આઇકન પર ક્લીક કરીને બોલીને પણ શોધી શકો છો.

2. Gmail (ઇ-મેઇલ કરવા)

કેવી રીતે વાપરવું: mail.google.com પર જાઓ.

ઉપયોગ :- નવો મેઇલ મોકલવા Compose પર ક્લીક કરો. સામે વાળાનું Email – ID, વિષય (Subject) અને મેસેજ લખીને Send કરો.

3. Google Drive (ફાઇલો સ્ટોર કરવા)

કેવી રીતે વાપરવું :- drive.google.com ખોલો.

ઉપયોગ :- + New પર ક્લીક કરીને File upload પસંદ કરો અને મોબાઈલ કે કમ્પ્યુટરથી કોઈપણ ફાઇલ સેવ કરી લો.

4. Google Docs, Sheets, & Slides (ઓફિસ વર્ક)

કેવી રીતે વાપરવું :- docs.google.com અથવા Drive માં + New પરથી ખોલો.

ઉપયોગ :-

- Docs: ટાઈપીંગ અને લેખન માટે.
- Sheets: હિસાબ અને એક્સેલ ટેબલ માટે.
- Slides: પ્રેઝન્ટેશન બનાવવા માટે.

5. Google Maps (રસ્તો અને લોકેશન શોધવા)

કેવી રીતે વાપરવું: maps.google.com અથવા એપ ખોલો.

ઉપયોગ: Search Google Maps માં જે જગ્યાએ જવું હોય તે નામ લખો. પછી Directions પર ક્લીક કરી Start દબાવો.

6. Google Meet (વિડિયો કૉલ/મિટિંગ)

કેવી રીતે વાપરવું :- meet.google.com પર જાઓ.

ઉપયોગ :- નવી મિટિંગ શરૂ કરવા New meeting પર ક્લીક કરો અથવા આપેલી લીંક વડે જોડાવા માટે Enter a code or link માં લીંક પેસ્ટ કરો.

7. Google Photos (ફોટા બેકઅપ કરવા)

કેવી રીતે વાપરવું :- photos.google.com ખોલો.

ઉપયોગ :- એપમાં Backup ઓન રાખો. તમારા ફોનના તમામ ફોટા ઓટોમેટિકલી ક્લાઉડમાં સેવ થઈ જશે.

8. Google Translate (ભાષાંતર કરવા)

કેવી રીતે વાપરવું :- translate.google.com પર જાઓ.

ઉપયોગ :- ડાબી બાજુ તમારી મૂળ ભાષા પસંદ કરો અને જમણી બાજુ જે ભાષામાં ભાષાંતર કરવું હોય તે પસંદ કરો. ડાબી બાજુ લખાણ લખતાં જ જમણી બાજુ તેનું ભાષાંતર થઈ જશે.

9. Google Keep (નોટ્સ લખવા)

કેવી રીતે વાપરવું :- keep.google.com પર જાઓ.

ઉપયોગ :- Take a note... પર ક્લીક કરી તમારું ટુ-ડૂ લીસ્ટ કે કોઈપણ લખાણ લખીને સેવ કરી લો.

10. Google Forms (સર્વે કે ફોર્મ બનાવવા)

કેવી રીતે વાપરવું :- forms.google.com પર ખોલો.

ઉપયોગ :- Blank (+) ફોર્મ પસંદ કરી પ્રશ્નો ઉમેરો અને જમણી તરફ ઉપર આપેલા Send બટનથી લીંક બીજાને મોકલો.

Artifical Intelligence નો પરિચય

- Artifical Intelligence એટલે શું ?

ARTIFICAL INTELLIGENCE (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) એટલે કૃત્રિમ બુદ્ધિ. સરળ શબ્દોમાં કહીએ તો, **ARTIFICAL INTELLIGENCE એ કમ્પ્યુટરને માણસની જેમ વિચારવાની, સમજવાની અને સર્જન કરવાની ક્ષમતા આપવાની technology છે**.

કલ્પના કરો કે તમારી પાસે એક એવો સહાયક છે જે,

- ક્યારેય થાકતો નથી.
- સેકંડોમાં વિચારી શકે છે.
- કલાકોનું કામ મિનિટોમાં કરી શકે છે.
- અબજો પાનાંની માહિતી વાંચી શકે છે.

- Artifical Intelligence કઈ રીતે કામ કરે છે ?

ARTIFICAL INTELLIGENCE **"ડેટા" (માહિતી)** પર કામ કરે છે. તેને અબજો ઉદાહરણોની માહિતી આપવામાં આવે છે અને તે તેમાંથી શીખે છે.

એક સરળ ઉદાહરણ: જેમ બાળક શીખે છે કે "લાલ" રંગ કયો છે ? તેને ઘણી લાલ વસ્તુઓ બતાવવામાં આવે છે અને તે ઓળખી શકે છે — તેમ ARTIFICAL INTELLIGENCE ને ઘણી બધી માહિતી આપવામાં આવે છે અને તે તેમાંથી પેટર્ન (દાખલાઓ) શીખી લે છે. પછી જ્યારે તમે ARTIFICAL INTELLIGENCE ને કંઈક પૂછો છો, ત્યારે તે શીખેલી પેટર્નના આધારે જવાબ આપે છે.

- Artifical Intelligence ના વિવિધ પ્રકારો

- ARTIFICAL INTELLIGENCE ને તેની ક્ષમતા મુજબ વિવિધ શ્રેણીઓમાં વહેંચી શકાય છે:

પ્રકાર	શું કરે છે?	ઉપયોગી શા માટે?
લેખન AI (Text AI)	લખાણ બનાવે છે, સુધારે છે, અનુવાદ કરે છે	પાઠ યોજના, ક્વિઝ, પ્રશ્નો, નોંધો બનાવવા
ચિત્ર AI (Image AI)	ફોટા, પોસ્ટર, ગ્રાફિક્સ બનાવે છે	વર્ગખંડના પોસ્ટર, દૃષ્ટાંત, વિઝ્યુઅલ સામગ્રી
વિડિયો AI (Video AI)	વિડિયો અને એનિમેશન બનાવે છે	શૈક્ષણિક વિડિયો, ટ્યુટોરિયલ્સ
પ્રસ્તુતિ AI	સ્લાઇડ્સ અને પ્રસ્તુતિઓ બનાવે છે	લેક્ચર, ક્લાસ પ્રસ્તુતિ
ક્વિઝ AI	પ્રશ્નોત્તરી, ટેસ્ટ, મૂલ્યાંકન બનાવે છે	વિધાર્થીઓનું મૂલ્યાંકન
સંશોધન AI	લેખોનો સારાંશ, વિશ્લેષણ કરે છે	સંશોધન, અભ્યાસ સામગ્રી

Artifical Intelligence Tools (ટૂલ્સ) – વિગતવાર માર્ગદર્શિકા

2. ChatGPT

પરિચય

- આધુનિક યુગમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence – AI) શિક્ષણ ક્ષેત્રમાં ખૂબ ઉપયોગી છે. ChatGPT એ Artifical Intelligence આધારિત tool છે, જે શિક્ષકો અને વિધાર્થીઓને માહિતી મેળવવા, પાઠ આયોજન, પાઠ્ય પુસ્તક સામગ્રી તૈયાર કરવા, પ્રશ્નોના જવાબ આપવા, ભાષા સુધારવા અને સર્જનાત્મક કાર્યમાં મદદ કરે છે.
- શિક્ષક માટે ChatGPT એક સહાયક તરીકે કાર્ય કરે છે પરંતુ તે શિક્ષકનું સ્થાન ક્યારેય લઇ શકતું નથી. પરંતુ શિક્ષણને વધુ સરળ, અસરકારક અને રસપ્રદ બનાવવમાં જરૂર મદદરૂપ બને છે. તેના યોગ્ય માર્ગદર્શન અને વિવેકપૂર્ણ ઉપયોગથી શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો કરી શકાય છે.

ChatGPTનો સંક્ષિપ્ત ઈતિહાસ


- ChatGPTનું જાહેર પ્રારંભિક સંસ્કરણ વર્ષ – 2022માં રજૂ કરવામાં આવ્યું હતું, સતત થતાં સુધારાઓ અને નવી સુવિધાઓના ઉમેરા સાથે આજે Chat GPT શિક્ષણ, લેખન, સંશોધન, પ્રોગ્રામિંગ તેમજ વિવિધ વ્યાવસાયિક કાર્યોમાં અસરકારક અને વિશ્વસનીય સહાયક તરીકે વિકસ્યું છે.

ChatGPT ક્યાંથી મળશે ?


1. **વેબસાઇટ** : chat.openai.com
2. **મોબાઇલ એપ:** Google Play Store અને Apple App Store પર “ChatGPT” શોધો

ChatGPT Open કઈ રીતે કરશો ?


1. chat.openai.com પર જાઓ




2. “Sign Up” અથવા “Login” પર ક્લીક કરો




3. ઇમેઇલ, પાસવર્ડ અને મોબાઇલ નંબર વડે ખાતું બનાવો




4. ઇમેઇલ પર આવેલી લીંક પર ક્લીક કરીને ખાતું ચકાસો



5. લોગીન કરો અને પ્રશ્નો પૂછવાનું શરૂ કરો!



ChatGPT ના વિવિધ Features નો ઉપયોગ



(1) New Chat (નવી ચેટ)

- દરેક નવા વિષય અથવા નવા કાર્ય માટે નવી ચેટ શરુ કરી શકાય છે, તેનાથી અગાઉની ચર્ચાની અસર વગર નવાં વિષય પર સ્પષ્ટ જવાબ મળે છે.



  - શિક્ષણમાં ઉપયોગ

- નવા પાઠ માટે Lesson Plan તૈયાર કરવો.
- કોઈ પણ વિષયનું સરળ ભાષામાં સ્પષ્ટીકરણ મેળવવું.
- વિષયવાર પ્રશ્નો તૈયાર કરવા
- દૈનિક અધ્યાપન નોંધ તૈયાર કરવી
- વિધાર્થીઓ માટે વર્કશીટ બનાવવી
- અલગ- અલગ ધોરણ માટે અલગ ચેટ રાખવી.

- **પ્રવૃત્તિ માટેના Prompt**

- **વિજ્ઞાન (ધોરણ 6)** : " ધોરણ 6 માટે છોડના ભાગો સમજાવવા માટે સરળ સમજૂતી અને ચિત્ર વિચારી આપો."
- **ગણિત (ધોરણ 8)** : "ધોરણ 8 માટે બીજગણિતનાં સરળ દાખલા પગલાં સાથે સમજાવો."
- **ગુજરાતી વ્યાકરણ (ધોરણ 7)** : "ધોરણ 7 માટે સંજ્ઞા અને સર્વનામ સમજાવવા માટે ઉદાહરણો આપો."
- **સામાજિક વિજ્ઞાન (ધોરણ 6)** : "ધોરણ 6 માટે ભારતના રાજ્યો અને રાજધાનીઓ યાદ રાખવાની સરળ રીત આપો"

  આ બધા prompt ને સીધા ChatGPTમાં મૂકી શકાય છે અને શિક્ષકને પાઠ આયોજન, સમજાવટ અને શૈક્ષણિક સામગ્રી તૈયાર મળી શકે છે.

(2) Search Chats (જૂની ચેટ શોધવી)

- અગાઉ કરેલી તમામ ચર્ચા સરળતાથી શોધી શકાય છે. જેમ કે જો તમે બે મહિના પહેલા " પ્રકાશ" વિષયનો Lesson Plan બનાવ્યો હોય તો Search Chats માં "પ્રકાશ" લખતા તે ચેટ ફરી મળી જશે.
  1. જૂના lesson Plan ફરીથી મેળવવા.
  2. અગાઉ તૈયાર કરેલા પ્રશ્નપત્ર શોધવા.
  3. અગાઉના Prompt ફરીથી ઉપયોગમાં લેવા.
  4. એક જ વિષય પર થયેલી ચર્ચા શોધી શકાય.

(3) +Add (ઉમેરો)

- ChatGPT માં "+Add (ઉમેરો)" ફંક્શનનો ઉપયોગ નવી વસ્તુઓ (ફાઇલો, ઈમેજ, માહિતી વગેરે) ઉમેરવા માટે થાય છે. આ બટન સામાન્ય રીતે ચેટ બોક્સની બાજુમાં "+" ચિન્હ તરીકે દેખાય છે
  - **ChatGPT માં +Add ફંક્શનનાં મુખ્ય ઉપયોગો**
    - ફાઈલ ઉમેરવી (upload file)
- તમે વિવિધ પ્રકારની ફાઈલો ChatGPTમાં અપલોડ કરી શકો છો. જેમ કે , PDF, word, Powerpoint, Excel, Image વગેરે. ઉમેરી file નો સારાંશ, વિશ્લેષણ, અને ફોટામાં શું છે એ સમજ મેળવા.
    - ફોટો ઉમેરવો (photo & file)
- Add Photos ફીચરની મદદથી તમે કોઈ પણ ફોટો અથવા ચિત્ર ChatGPT માં અપલોડ કરીને તેના વિશે પ્રશ્નો પૂછી શકો છો, સમજ મેળવી શકો છો અથવા તેના આધારે નવી શૈક્ષણિક સામગ્રી તૈયાર કરાવી શકો છો.

  ઉદા. : Prompt : "આ પાઠ્યપુસ્તકનું પાનું સરળ ગુજરાતી ભાષામાં સમજાવો."

- camera દ્વારા photo ઉમેરવો

- Camera ફીચરની મદદથી તમે મોબાઈલ અથવા લેપટોપના કેમેરાનો ઉપયોગ કરીને સ્થળ પર જ ફોટો ખેંચી તેને સીધો ChatGPTમાં મોકલી શકો છો. ત્યારબાદ ChatGPT તે ફોટાનું વિશ્લેષણ કરીને સમજાવટ, માહિતી, સૂચનો અથવા શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવામાં મદદ કરે છે.
    - શિક્ષણમાં ઉપયોગ
- પાઠ્યપુસ્તક અથવા વર્કશીટનો તરત જ ફોટો લઈને સમજાવટ મેળવવી
- બ્લેકબોર્ડ પર લખેલા પ્રશ્નોનો ઉકેલ સમજવો.
- ચાર્ટ, મોડેલ અથવા પ્રયોગનું વિશ્લેષણ કરાવવું વગેરે...
    - Create images (ચિત્ર બનાવતાં સમજવું)
- Artifical Intelligence ની મદદથી નવા ચિત્રો બનાવી શકાય છે અથવા આપેલા ચિત્રનું વિશ્લેષણ કરી શકાય છે. જુદા જુદા વિષય પર નીચે પ્રમાણે ચિત્રો શોધી શકાય.
    - શિક્ષણમાં ઉપયોગ

    વિજ્ઞાન :- માનવ હૃદયનું ચિત્ર, સૂર્યમંડળ, કોષ , જલચક્ર.

    ગણિત :- ભૂમિતિના આકારો, ગ્રાફ, આકૃતિઓ.

    સામાજિક વિજ્ઞાન :- ભારતનો નકશો, ઐતિહાસિક સ્થળો, સંસ્કૃતિ દર્શાવતા ચિત્રો.

    ભાષા :- વાર્તા માટે ચિત્રો, Picture Composition, ચિત્ર પરથી લેખન.

    પૂર્વ પ્રાથમિક :- પ્રાણી, ફળ, શાકભાજી, રંગ ઓળખ.
    - **Universal image Generation Prompts**

1. ગુજરાતી

- કોઈપણ (ધોરણ) માટે “પાઠનું નામ” વિષય પર રંગીન, બાળકોને સરળતાથી સમજાય એવું લેબલવાળું શૈક્ષણિક ચિત્ર બનાવો.
- “વ્યાકરણ/વાર્તા/કવિતા” વિષયને સરળ રીતે સમજાવવું ઇન્ફોગ્રાફિક અથવા પોસ્ટર બનાવો .

2. અંગ્રેજી

- Create a colorful educational illustration for grade (class) on Topic with clear labels and child – friendly visuals

3. ગણિત

- કોઈપણ (ધોરણ) માટે “પ્રકરણ” સમજાવતું સ્ટેપ – બાય-સ્ટેપ ગાણિતિક ચિત્ર અથવા ડાયાગ્રામ બનાવો.

4. વિજ્ઞાન

- કોઈપણ (ધોરણ) માટે “વિષય” નું લેબલવાળું વૈજ્ઞાનિક ડાયાગ્રામ બનાવો.

5. સામાજિક વિજ્ઞાન


- કોઈપણ (ધોરણ) માટે “ઈતિહાસ/નાગરિકશાસ્ત્ર/ભૂગોળ) વિષયનું શૈક્ષણિક ચિત્ર અથવા નકશો બનાવો.

6. પર્યાવરણ અભ્યાસ

- કોઈપણ (ધોરણ) માટે મનપસંદ “વિષય” પર બાળકોને ગમે તેવું રંગીન શૈક્ષણિક પોસ્ટર બનાવો.

7. કમ્પ્યુટર

- “Computer topic” નું લેબલવાળું ડાયાગ્રામ બનાવો.
    - **Universal પ્રોમ્પ્ટ Templates**
- “ધોરણ..... માટે (વિષય)..... ના (પાઠ/ટોપિક)..... વિષય પર રંગીન, ઉચ્ચ ગુણવત્તાનું, બાળકોને સરળતાથી સમજાય એવું, લેબલવાળું શૈક્ષણિક ચિત્ર બનાવો. 16 : 9 રેશિયો, classroom Presentation માટે યોગ્ય, સ્પષ્ટ લખાણ, આકર્ષક રંગો, વાસ્તવિક પરંતુ શૈક્ષણિક શૈલી”
    - Web Search
- Web Search ટૂંકો અર્થ :- web search એટલે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ વિશ્વસનીય અને નવીનતમ માહિતી શોધીને જવાબ આપવાની ChatGPTની સુવિધા
    - Apps
- Apps એટલે ChatGPT સાથે જોડાયેલી બીજી એપ્લીકેશન, જેથી એક જ જગ્યાએ વિવિધ કામ સરળતાથી કરી શકાય. Apps એ chatgptનું એક ફીચર છે, જે Chat GPT ને google drive, Gmail, Microsoft word જેવી અન્ય એપ્લીકેશન સાથે જોડીને ત્યાંની માહિતીના આધારે વિવિધ કાર્યો કરવામાં મદદ કરે છે.



શિક્ષણમાં ઉપયોગ

- Google Drive માં રહેલી pdf અથવા notes નો સારાંશ તૈયાર કરવો.
- word documentમાં પ્રશ્નપત્ર, lesson plan અથવા worksheet સુધારવી અને તૈયાર કરવી.
- Gmail માટે વાલીઓ અથવા શાળા માટે ઈ-મેઈલનો ડ્રાફ્ટ તૈયાર કરવો.
- PPT તૈયાર કરવી.
- ડાયાગ્રામ બનાવવા.
- વિવિધ Artifical Intelligence tools સાથે સંકલન
- અભ્યાસ સામગ્રીને આકર્ષક ડિઝાઈનમાં ફેરવવી
- ફ્લેશકાર્ડ બનાવવા વગેરે...
    - Deep Research



- Deep Research મોટા અને વિશ્વસનીય સંશોધન માટે ઉપયોગી છે. તે અનેક સ્ત્રોતોમાંથી માહિતી એકત્રિત કરીને વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં મદદ કરે છે. જેમ કે NEP 2020 નો અભ્યાસ, NCF 2023 નો અભ્યાસ, નવી શિક્ષણ પધ્ધતિઓ, પ્રોજેક્ટ વર્ક, સેમિનાર, સંશોધન, કેસ સ્ટડી.


(4)સમાપન

- ChatGPT શિક્ષક માટે એક બુદ્ધિશાળી Digital સહાયક છે. તેનો યોગ્ય ઉપયોગ શિક્ષણને વધુ અસરકારક, રસપ્રદ અને વિધાર્થીકેન્દ્રી બનાવી શકે છે. જોકે ChatGPT દ્વારા મળતી માહિતીનો ઉપયોગ કરતા પહેલા શિક્ષકે તેની ચકાસણી કરવી અને પોતાના અનુભવ તથા જ્ઞાનનાં આધારે તેનો ઉપયોગ કરવો જરૂરી છે. Technology અને શિક્ષક બંનેના સંયોજનથી ગુણવત્તાસભર શિક્ષણ તરફ આગળ વધી શકાય છે.

3. Gemini

પરિચય

Google Gemini એ google દ્વારા વિકસિત અત્યાધુનિક જનરેટિવ આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ (Artifical Intelligence) અને પર્સનલ આસીસ્ટન્ટ છે. તે અગાઉ "બાર્ડ (Bard)" તરીકે ઓળખાતું હતું. તે માત્ર લખાણ જ નહી, પરંતુ ચિત્રો, ઓડિયો, વિડિયો અને કમ્પ્યુટર કોડને એક સાથે સમજી અને તેના પર પ્રક્રિયા કરી શકે છે . તેનાથી જરૂરી પરિણામ મળી શકે છે.



લાક્ષણિકતાઓ :

- મલ્ટી મોડલ ક્ષમતા :- તે માત્ર શબ્દો જ નહી, પરંતુ ફોટો,વિડિયો અને ઓડિયોને પણ સમજીને યોગ્ય જવાબો આપી શકે છે.
- ભાષાંતર અને લેખન :- તે વિવિધ ભાષાઓમાં સરળતાથી અનુવાદ કરી શકે છે, નિબંધ કવિતા અને કોડીંગ લખી શકે છે.
- દૈનિક કાર્યોમાં મદદ :- તે ઈમેલ ડ્રાફ્ટ કરવા, પ્લાનિંગ કરવા, આઈડિયા જનરેટ કરવા અને મુશ્કેલ વિષયોને સરળ ભાષામાં સમજાવવામાં મદદરૂપ થાય.

તેના મોડલ્સ :-

- Gemini ને અલગ અલગ ક્ષમતા મુજબ વિવિધ મોડલમાં વહેંચવામાં આવ્યું છે.

1. Gemini Nano :- આ સૌથી નાનું મોડલ છે જે સ્માર્ટફોન અને ડિવાઈસમાં સીધા જ ચલાવવા માટે બનાવવામાં આવ્યું છે.

2. Gemini Flash/Pro :- આ દૈનિક ઉપયોગ અને ઝડપી કામગીરી માટેનું શક્તિશાળી મોડલ છે.
3. Gemini Ultra :- આ અત્યંત અધતન મોડલ છે જે જટિલ કોડીંગ, ગાણિતિક અને ઊંડાણપૂર્વકનાં સંશોધન માટે વપરાય છે.

Gemini નાં વિવિધ toolsની સમજૂતી અને ઉપયોગો :-

- **New chat** :- તમે જ્યારે પણ New Chat ખોલો છો, ત્યારે Gemini એક ખાલી સ્લેટ જેવું હોય છે. તમે તેને જેવું કામ સોંપશો, તે મુજબ તે કાર્ય કરશે જેમ કે,
  - ભાષા માટે :- તમે તમારું કોઈ પણ લખાણ મૂકીને કહી શકો કે, "આમાં વ્યાકરણની ભૂલો સુધારી આપો."
  - ગણિત માટે :- તમારે ક્યાં ધોરણ અથવા કયા પ્રકરણ (જેમ કે સમીકરણ, ભૂમિતિ, અપૂર્ણાંક, નફો – નુકસાન વગેરે) માટે માહિતી જોઈએ છે, તે જણાવો એટલે Gemini તે પ્રમાણે આગળ કાર્ય કરશે.
  - સામાજિક વિજ્ઞાન માટે :- જે તે ધોરણને અનુરૂપ ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, બંધારણ વગેરે જેવા મુદ્દાઓને સરળ શબ્દોમાં સમજાવવા માટે Gemini નો ઉપયોગ કરી શકાય છે.
  - બાલવાટિકા માટે :- બાળગીતો, બાળ વાર્તાઓ વગેરે મેળવી શકાય.
- **Upload Files/ photos** :આ ઓપ્શનથી તમે તમારા ફોન કે કમ્પ્યુટરમાંથી કોઈ પણ file કે સ્ક્રીનશોટ અપલોડ કરી શકો છો.
  ઉપયોગ :- ગણિતના કોઈ અઘરા દાખલાનો ફોટો, વિજ્ઞાનની કોઈ આકૃતિ, અથવા કોઈ પોસ્ટરનો ફોટો મૂકીને તમે Geminiને પૂછી શકો કે "આનો ઉકેલ આપો" અથવા "આ ફોટામાં શું લખ્યું છે તે સમજાવો."
- **Take Photo/Camera** : જો તમે મોબાઈલમાં Gemini વાપરી રહ્યા છો, તો કેમેરો ઓપન કરીને સીધો જ લાઈવ ફોટો પાડી શકો છો
